વાહનના G.V.W. માં ૫% સુધી વધારાના માલ ભરવાની છુટ બાબત

વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.ડબીજો-ત્રીજોમાળ,
જુનાસચિવાલય, ગાંધીનગર,
પરિપત્ર ક્રમાંક ડીએ/ઓવરલોડ/છુટછાટ/ઓન/ ૬૬૭
તારીખઃ- ૧ / ૦૨/૨૦૧૬. 01 FEB 2016

વંચાણે લીધા:- (૧) મીનીસ્ટ્રી ઑફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ, દિલ્હીના નોટીફીકેશન નંબરઃ આરટી-૧૧૦૩૬/૯૨/૨૦૧૫-એમવીએલ, તા:૦૨-૧૨-૧૫
(૨) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંકઃડી.એ./ગુડઝ વાહન ઓવરલોડ/૮૫૨ તા.:૦૪-૦૨-૧૪

## પરિપત્ર :-

મીનીસ્ટ્રી ઑફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ, દિલ્હીના નોટીફીકેશન નંબરઃ આરટી-૧૧૦૩૬/૯૨/૨૦૧૫-એમવીએલ, તા:૦૨-૧૨-૧૫ થી મીનીસ્ટ્રી ઑફ સરફેસ ટ્રાન્સપોર્ટ (ટ્રાન્સપોર્ટ વીંગ) ના તા:૧૮-૧૦-૯૬ થી બહાર પાડવામાં આવેલ નોટીફીકેશનમાં મોટર વ્હીકલ્સ એક્ટ-૧૯૮૮ની કલમ ૫૮ના સબસેક્શન (૧)થી મળેલ અધિકારની રૂએ આ નોટીફીકેશનના અંતે નવી નોંધ (Note)નો ઉમેરો કરવામાં આવેલ છે. જેમાં દર્શાવ્યા અનુસાર મોટર વ્હીકલ્સ એક્ટ ૧૯૮૮ની કલમ ૧૧૩ (૩) ની પૂર્તતા માટે વાહનના જીવીડબલ્યુ અને સેફ એક્સલ વેઇટ કરતાં પાંચ ટકા સુધી વધારાના વજન માટે છૂટ આપેલ છે. આ નોટીફીકેશનથી કરવામાં આવેલ જોગવાઇઓનું અર્થઘટન કરવાના ઉદાહરણો નીચે દર્શાવેલ છે.

૧. ધારો કે, ૨૫૦૦૦ કિ.ગ્રા. સુધીનું ગુડઝ વાહન છે જેમાં કુલ એક ટન ઓવરલોડ માલ ભરેલ છે આ સંજોગોમાં આ નૉટીફીકેશન મુજબ ૧૨૫૦ કિ.ગ્રા. સુધીની છુટ મળશે જેથી આ સંજોગોમાં ઓવરલોડ ગણાશે નહી.

૨. ધારો કે, ર. ૪૦,૦૦૦ જીવીડબલ્યુ નું ગુડઝ વાહન છે. જેમાં ૧૦ ટન ઓવરલોડ ભરેલ છે.આ કિસ્સામાં આ ૫% ની છુટ ગણતરીમાં લેવામાં આવશે નહી.આ કિસ્સામાં શરૂઆતથીજ (એટલે કે) પુરે પુરૂ ઓવરલોડ વજન ગણતરીમાં લઇ દંડનીય કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

3. આમ, માલ વાહક વાહનમાં ૫% જેટલું વધારે ઓવરલોડ હોયતો તેને ઓવરલોડ ગણવાનું નહી રહે પરંતું જો ઓવરલોડ વજન ૫% થી વધારે હોય તો વાહનની આર.સી.બુકમાં લખાયેલ મુળભુત GVW ના આધારેજ ઓવરલોડ ગણવાનો રહેશે. આવા સંજોગોમાં આ ૫% છુટનો લાભ મળશે નહી.

નોધપર માન. કમિશનરશ્રીના આદેશ અનુસાર

મદદનીશ વાહન વ્યવહાર નિયામક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,

સહાયક/ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, તમામ.
ઇન્ચાર્જશ્રી આર.ટી.ઓ. ચેકપોસ્ટ તમામ

41/ડીએ/પઠાણ/૧